ગુજરાતમાં મેગા રોકાણ માટે મુંબઈથી આવી રહેલા સંકેત

હજીરામાં વધુ 10 હજાર કરોડનું રોકાણ કરાશે

વાઇબ્રન્ટ ગુજરાત સમિટ પહેલાં મુખ્યમંત્રીની ઉદ્યોગપતિઓ સાથે વન-ટુ-વન બેઠક

ગાંધીનગરઃ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭ના પહેલાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મુંબઈમાં વિવિધ અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે વન-ટુ-વન બેઠકો યોજી ગુજરાતમાં રોકાણ, ઉદ્યોગોના વિસ્તરણ અને વ્યૂહાત્મક ભાગીદારીની નવી સંભાવનાઓ અંગે સીધો સંવાદ કર્યો હતો. આ બેઠકમાં મુખ્યમંત્રીએ તમામ ઉદ્યોગપતિઓને વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૭માં ભાગીદાર બનવા આહ્વાન કર્યું હતું. રોડ-શો પહેલાં થયેલી વન-ટુ-વન બેઠકોમાં ગુજરાતના મજબૂત ઔદ્યોગિક આધાર, આધુનિક માળખાગત સુવિધાઓ, ઉદ્યોગલક્ષી નીતિઓ અને ટકાઉ તથા ટેક્નોલોજી આધારિત વિકાસની તકો પર ભાર મૂકાયો હતો. સાંજે યોજાનારા રોડ-શોમાં વિવિધ દેશોના કોન્સલ જનરલ્સની ઉપસ્થિતિ વચ્ચે ગુજરાત વૈશ્વિક રોકાણકારોને નવી તકો માટે આમંત્રણ આપશે.

એએમએનએસનો ગુજરાતમાં રૂ. ૯૦ હજાર કરોડથી વધુના રોકાણનો રોડમેપ

મુંબઈની બેઠકમાં એએમએનએસ ઈન્ડિયાએ ગુજરાત માટેની પોતાની મહત્ત્વાકાંક્ષી રોકાણ યોજનાઓનો સંકેત આપ્યો છે. કંપની જૂન સુધીમાં ગુજરાતમાં રૂ. ૮૦,૦૦૦ કરોડનું રોકાણ પૂર્ણ કરવાની દિશામાં આગળ વધી રહી છે. હજીરા ખાતે મુખ્યત્વે પુનઃપ્રાપ્ય ઊર્જા અને બેટરી સંગ્રહ ક્ષેત્રે વધુ રૂ. ૧૦,૦૦૦ કરોડનું રોકાણ કરવાની યોજના પણ રજૂ કરવામાં આવી છે. આ ઉપરાંત ગુજરાતમાં ૨૫ મિલિયન ટન વાર્ષિક ક્ષમતા ધરાવતો વિશ્વનો સૌથી મોટો સ્ટીલ પ્લાન્ટ વિકસાવવાના કંપનીના વિઝન અંગે પણ મુખ્યમંત્રી સાથે ચર્ચા થઈ હતી. ગુજરાતના ઉત્પાદન અને ઔદ્યોગિક ક્ષેત્ર માટે આ પ્રસ્તાવને આગામી તબક્કાના મોટા રોકાણ સંકેત તરીકે જોવામાં આવી રહ્યો છે.

દહેજમાં તાંબાના પુનઃચક્રણ પ્લાન્ટનું ડિસેમ્બરમાં ઉદ્ઘાટન કરવાની ચર્ચા

હિન્ડાલ્કોના સતિશ પાઈ સાથેની બેઠકમાં ગુજરાતના ઔદ્યોગિક અને ઉત્પાદન ક્ષેત્રમાં રહેલી તકો પર ચર્ચા થઈ હતી. તાંબાના પુનઃચક્રણ, ઈ-કચરા વ્યવસ્થાપન અને પુનઃપરિભ્રમણ આધારિત અર્થતંત્ર જેવી પહેલોને ગુજરાતમાં આગળ વધારવાની સંભાવનાઓ અંગે રચનાત્મક ચર્ચા થઈ હતી. ગુજરાતમાં હિન્ડાલ્કોના તાંબા પુનઃચક્રણ પ્લાન્ટનું ડિસેમ્બરમાં ઉદ્ઘાટન કરવાની પણ ચર્ચા થઈ હતી. ટકાઉ ઔદ્યોગિક પદ્ધતિઓ તથા તાંબાના અગ્રણી કેન્દ્ર તરીકે ગુજરાતની સ્થિતિ વધુ મજબૂત બનાવવાના માર્ગો પર પણ બેઠકમાં વિચારવિમર્શ થયો હતો.

ગુજરાતની કાપડ વ્યવસ્થા વેલ્સપન માટે વિસ્તરણનું કેન્દ્ર

વેલ્સપન ઇન્ડિયાની મુખ્ય કાર્યકારી અધિકારી દીપાલી ગોએન્કાએ ગુજરાતના મજબૂત કાપડ પરિસર અને ઉદ્યોગલક્ષી નીતિઓને આધારે નવા રોકાણ અને વિસ્તરણની તકો અંગે ચર્ચા થઈ હોવાનું જણાવ્યું હતું. વૈશ્વિક કાપડ ક્ષેત્રે ગુજરાતનું નેતૃત્વ વધુ મજબૂત બને, નિકાસ અને રોજગારીને વેગ મળે તથા ઉદ્યોગના વિસ્તરણને નવી દિશા મળે તે અંગે વેલ્સપન જૂથ સાથે વિચારવિમર્શ થયો હતો.

સ્વાન એનર્જી દ્વારા કામગીરીના વિસ્તરણની યોજના

સ્વાન કોર્પોરેશનના નિખિલ મર્ચન્ટે ગુજરાતમાં કંપનીની કામગીરીના વિસ્તરણ અને આધુનિકીકરણ અંગે મુખ્યમંત્રી સાથે ફળદાયી ચર્ચા થઈ હોવાનું જણાવ્યું હતું. કંપનીના વધતા આંતરરાષ્ટ્રીય વ્યવસાયને ટેકો આપવા વધુ સારી જોડાણ સુવિધા અને નજીકના હવાઈમથકના માળખાની જરૂરિયાત અંગે પણ ચર્ચા થઈ હતી. ગુજરાતની વહાણવટા નીતિને સરાહનીય ગણાવતા તેમણે ગુજરાત ઉદ્યોગ આધારિત વિકાસ અને રોકાણને પ્રોત્સાહન આપવા પ્રતિબદ્ધ હોવાનું જણાવ્યું હતું.

મહિન્દ્રા ગુજરાતમાં ઇલેક્ટ્રિક વાહન અને ગિફ્ટ સિટીની તકો તપાસશે

મહિન્દ્રા જૂથના આનંદ મહિન્દ્રાએ ગુજરાત સાથેના પોતાના જૂના સંબંધોને યાદ કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં રોકાણ અંગે તેમની પ્રથમ બેઠક તે સમયે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાથે આ જ સ્થળે થઈ હતી અને તેમની દુરંદેશીથી તેઓ પ્રભાવિત થયા હતા. હવે ભૂપેન્દ્ર પટેલ સાથેની બેઠકમાં ગુજરાતમાં ભવિષ્યની રોકાણ યોજનાઓ અંગે આત્મીય સંવાદ થયો હોવાનું તેમણે જણાવ્યું હતું. મહિન્દ્રા જૂથ સાથે ગુજરાતમાં ઇલેક્ટ્રિક વાહનો તથા ગિફ્ટ સિટી ક્ષેત્રે તકો શોધવા અંગે ફળદાયી ચર્ચા થઈ છે. રોકાણ, સહયોગ અને વિકાસના નવા માર્ગો અંગેની ચર્ચાથી ગુજરાતનું અગ્રણી રોકાણ સ્થળ તરીકેનું સ્થાન વધુ મજબૂત થતું હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

ગાંધીનગરમાં રાષ્ટ્રીય માનવ અધિકાર પંચની 'લાલ આંખ':

ગુજરાતમાં માનવ અધિકાર ભંગના વિવિધ કિસ્સામાં 3.5 કરોડના વળતરનો આદેશ

માનવ અધિકારી પંચે ગુજરાત સરકાર પાસે પોલીસ અત્યાચારથી વેઠિયા મજૂરી, ઔદ્યોગિક અકસ્માતથી લઠ્ઠાકાંડ સુધીના મુદ્દે અહેવાલો અને કાર્યવાહીનો હિસાબ મંગાવ્યો

ગાંધીનગરઃ ગુજરાતમાં માનવ અધિકારોના ભંગના ગંભીર કિસ્સાઓ સામે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે કડક વલણ અપનાવી રાજ્ય તંત્રને જવાબદારીનો અહેસાસ કરાવ્યો છે. ગાંધીનગરની રાષ્ટ્રીય ફોરેન્સિક વિજ્ઞાન યુનિવર્સિટીમાં બે દિવસ દરમિયાન યોજાયેલી કેમ્પ બેઠક અને ખુલ્લી સુનાવણીમાં માનવ અધિકાર ભંગના કુલ ૧૨૯ કેસો હાથ ધરવામાં આવ્યા હતા, જેમાં ૭૩ કેસોનો નિકાલ થયો હતો. પીડિતો અને તેમના પરિવારજનોને રૂ. ૩.૫ કરોડથી વધુનું વળતર ચૂકવાયું હોવાનું આયોગ સમક્ષ પુરાવા સાથે રજૂ થયું હતું.

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ દ્વારા નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ૨ અને ૩ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન 'કુલ કમિશન કેમ્પ સિટિંગ અને ઓપન હિયરિંગ'નું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય માનવ અધિકારી પંચના ચેરપર્સન જસ્ટિસ વી. રામસુબ્રમણિયન અને સભ્યો જસ્ટિસ (ડો.) વિદ્યુત રંજન સારંગી તેમજ વિજયા ભારતી સાયાનીની અધ્યક્ષતામાં યોજાયેલી આ સુનાવણીમાં માનવ અધિકાર ભંગ અને ઔદ્યોગિક બેદરકારીના કેસોમાં પીડિતોને આશરે રુ.૩.૫ કરોડથી વધુનું વળતર ચૂકવવા આદેશ કરાયો હતો. રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ ન્યાયમૂર્તિ વી. રામસુબ્રમણ્યમ તથા સભ્યોની ઉપસ્થિતિમાં થયેલી સુનાવણીમાં ગેરકાયદે અટકાયત, કસ્ટોડિયલ મૃત્યુ, પોલીસ અત્યાચાર, નાગરિક તંત્રની બેદરકારી, બાળકો સાથેના ગંભીર બનાવો અને ઔદ્યોગિક દુર્ઘટનાઓ જેવા મુદ્દાઓ પર સંબંધિત સત્તાવાળાઓને જવાબ આપવો પડ્યો હતો. એક મહિલાને યોગ્ય નોટિસ વિના અટકાયત કરવાના કેસમાં રૂ. ૭.૫ લાખના વળતરની ભલામણ કરવામાં આવી હતી.

વેઠિયા મજૂરીના ૨૭ કેસથી રાજ્ય તંત્રની જવાબદારીનો મુદ્દો ફરી કેન્દ્રમાં

સૌથી મહત્વની કાર્યવાહી પૈકીની એક વેઠિયા મજૂરીના ૨૭ કેસોની રહી હતી. આયોગના અધ્યક્ષે ગુજરાતના શ્રમ સચિવ તથા સંબંધિત જિલ્લાના જિલ્લા કલેક્ટરોની હાજરીમાં કેસોની સુનાવણી કરી હતી. મહિલાઓ અને બાળકો સહિતના પીડિત પરિવારો સાથે સંવેદનશીલતાથી વર્તવા અને કોઈ વ્યક્તિ વેઠિયા મજૂરીમાં બંધાયેલો હોવાના સંકેતોને ગંભીરતાથી ધ્યાનમાં લેવા અધિકારીઓને તાકીદ કરવામાં આવી હતી. વેઠિયા મજૂરીના પ્રશ્ને રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગ પાસેથી અહેવાલ માંગવામાં આવ્યો હોવાનું પણ સામે આવ્યું છે. રાજ્યમાં આવા કેસોના નિવારણ માટે પ્રમાણભૂત કાર્યપદ્ધતિ બનાવવાની દિશામાં પણ કાર્યવાહીનો મુદ્દો ચર્ચામાં આવ્યો હતો.

ભરૂચ-દહેજમાં શ્રમિકોનાં મોત : કરોડોનું વળતર, અમદાવાદ હોર્ડિંગ કેસમાં ફોજદારી કાર્યવાહી

ગુજરાતના ઔદ્યોગિક પટ્ટામાં કામદારોની સલામતી સામેના સવાલો પણ સુનાવણીમાં ઉગ્ર બન્યા હતા. ભરૂચની રાસાયણિક ફેક્ટરીમાં આગ અને વિસ્ફોટમાં પાંચ કામદારોનાં મોત થયા હતા અને તેમના પરિવારજનોને વળતર ચૂકવાયું હતું. દહેજની રાસાયણિક ફેક્ટરીમાં ઝેરી ગેસની અસરથી ચાર કામદારોનાં મોતના કેસમાં પરિવારજનોને કુલ રૂ. ૨ કરોડથી વધુનું વળતર મળ્યું હોવાનું આયોગ સમક્ષ રજૂ થયું હતું. અમદાવાદમાં મોટું જાહેરાતનું હોર્ડિંગ ધરાશાયી થતાં ત્રણ કામદારોનાં મોતના કેસમાં જવાબદારો સામે ફોજદારી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે, જ્યારે વળતરની પ્રક્રિયા હજુ બાકી છે. ઔદ્યોગિક બેદરકારીથી માનવજીવનનો ભોગ લેવાય ત્યારે જવાબદારી નક્કી કરવા અને પીડિત પરિવારોને યોગ્ય રાહત આપવા આયોગે સ્પષ્ટ વલણ દર્શાવ્યું હતું.

અમરેલીની પાયલ ગોટીથી ભાવનગર લઠ્ઠાકાંડ સુધી મુદ્દાઓ ગાજ્યા

સુનાવણી દરમિયાન અમરેલીના પાયલ ગોટીના કિસ્સામાં રૂ. ૭.૫ લાખનું વળતર ચૂકવવાનો મુદ્દો પણ સામે આવ્યો હતો. ભાવનગરના લઠ્ઠાકાંડ અંગે રાજ્ય સરકાર તથા સંબંધિત પોલીસ અધિકારીઓ પાસેથી કાર્યવાહી અહેવાલ માંગવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. આરોપીઓના વરઘોડા કાઢવાના મામલાની રજૂઆત પણ આયોગ સમક્ષ કરવામાં આવી હતી. કસ્ટોડિયલ મૃત્યુ અને પોલીસ અત્યાચારના કેસો સાથે બાળકને શ્વાન ઢસડી ગયા બાદ ગુમ થયેલા કરુણ બનાવ જેવા કેસોમાં પણ પીડિત પરિવારોને રાહત અને વળતર અંગે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

બીજા દિવસે ૫૭ કેસમાંથી ૪૬નો નિકાલ

૩ સપ્ટેમ્બરે આયોગની સભ્યોની ખંડપીઠે માનવ અધિકાર ભંગ અને અનુપાલન સંબંધિત વધુ ૫૭ કેસોની સુનાવણી કરી હતી. પક્ષકારોની રજૂઆતો અને અનુપાલન અહેવાલોની ચકાસણી બાદ ૪૬ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો. કેટલાક કેસોમાં મૃતકોના આશ્રિતોને રૂ. ૨૭ લાખનું વળતર ચૂકવાયું હોવાના પુરાવા રજૂ થયા હતા, જ્યારે અન્ય કેસોમાં સત્તાવાળાઓ પાસેથી વધુ અહેવાલો મંગાવવામાં આવ્યા હતા.

વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠકમાં પોલીસ અત્યાચારથી દારૂબંધી સુધી ચર્ચા

કેમ્પ બેઠકના અંતે રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ સાથે મહત્વની બેઠક યોજાઈ હતી. તેમાં અહેવાલો સમયસર રજૂ ન થવા, વેઠિયા મજૂરીના પ્રશ્ને અધિકારીઓને વધુ સંવેદનશીલ બનાવવાની જરૂરિયાત, પોલીસ દ્વારા માનવ અધિકારોના ભંગ તથા દારૂબંદીના કાયદાના અમલ જેવા મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. ગાંધીનગરમાં બે દિવસ ચાલેલી આ સુનાવણીથી સ્પષ્ટ સંદેશ ગયો છે કે માનવ અધિકારના ભંગના કેસોમાં માત્ર વળતર ચૂકવવું પૂરતું નથી; જવાબદારી નક્કી કરવી, તંત્રની કામગીરીમાં સુધારો કરવો અને પીડિતોને સમયસર ન્યાય આપવો પણ એટલો જ જરૂરી છે. હવે આયોગે માંગેલા અહેવાલો અને સૂચનાઓના અમલ પર રાજ્ય તંત્રની આગામી કામગીરી પર નજર રહેશે.

HAPPY BIRTHDAY, વ્હાલા કાનૂડા માટે બજારમાં ખરીદી

■ જન્માષ્ટમીએ વ્હાલા કાન્હાને વધાવવા ભક્તોમાં અનેરો ઉન્માદ જોવા મળી રહ્યો છે. ત્યારે ઘરમાં બિરાજમાન પોતાના બાળ સ્વરૂપ લાલાને નવા વસ્ત્રો અર્પણ કરવા મહિલાઓ અવનવા વાઘાઓની ખરીદી કરવા ઊમટી પડી હતી. **(તસવીરઃ જનક પટેલ)**

કેબ કંપનીઓના વિરોધમાં અમદાવાદમાં ૭થી ૧૦ સપ્ટે. રિક્ષા-ટેક્સી બંધ

વારંવારની રજૂઆતો છતાં યોગ્ય માંગણીઓનો ઉકેલ નહીં આવતાં આખરે હડતાળનું એલાન

અમદાવાદઃ અમદાવાદમાં ઓટો રિક્ષા અને ટેક્સી ચાલકોએ વિવિધ પડતર માંગણીઓના નિરાકરણ માટે આગામી ૭થી ૧૦ સપ્ટેમ્બર સુધી ચાર દિવસની હડતાળ પાડવાનો નિર્ણય કર્યો છે. ઓનલાઈન કેબ કંપનીઓ દ્વારા રિક્ષા અને ટેક્સી ચાલકોનું આર્થિક શોષણ થતું હોવાનો આક્ષેપ કરી ઓલા, ઉબેર, રેપિડો અને ભારત ટેક્સી સામે વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. રિક્ષા-ટેક્સી ચાલક યુનિયનોના જણાવ્યા પ્રમાણે વિવિધ પડતર પ્રશ્નો અંગે લાંબા સમયથી તંત્ર અને સંબંધિત સત્તાધિકારીઓ સમક્ષ રજૂઆતો કરવામાં આવી રહી છે. જોકે, વારંવાર રજૂઆતો કરવા છતાં માંગણીઓનો યોગ્ય નિકાલ ન આવતાં આખરે હડતાળનું એલાન કરવાની ફરજ પડી છે.

ઓટો રિક્ષા અને ટેક્સી ચાલકોનો વિરોધ ઓનલાઈન કેબ સેવા આપતી કંપનીઓ સામે છે. ઓલા, ઉબેર, રેપિડો અને ભારત ટેક્સી જેવી કંપનીઓની કામગીરીને કારણે પરંપરાગત રિક્ષા અને ટેક્સી ચાલકોને આર્થિક નુકસાન થઈ રહ્યું હોવાનો યુનિયનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. વર્તમાન મોંઘવારીને ધ્યાનમાં રાખીને રિક્ષા અને ટેક્સીના નિયત ભાડામાં યોગ્ય વધારો કરવાની માંગ કરવામાં આવી છે. પેટ્રોલ-ડીઝલના ભાવ, વાહનનું સમારકામ, જાળવણી, વીમો સહિતના વધતા ખર્ચ વચ્ચે હાલનું ભાડું પૂરતું ન હોવાનો ચાલકોનો મત છે. તેથી ખર્ચને અનુરૂપ ભાડાનું પુનઃનિર્ધારણ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. બીજી તરફ, સફેદ નંબર પ્લેટવાળા બે પૈડાંવાળા વાહનો દ્વારા મુસાફરોની હેરફેર સામે પણ રિક્ષા-ટેક્સી ચાલકોએ વિરોધ નોંધાવ્યો છે. સરકાર દ્વારા પરિપત્ર કરવામાં આવ્યો હોવા છતાં આવા વાહનોની કામગીરી ચાલુ હોવાનો યુનિયનોનો આક્ષેપ છે.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

હેડકી

પાચનતંત્રમાં આવેલા અવરોધને જાહેર કરતી સહજ શારીરિક પ્રક્રિયા છે. તાજા રાંધેલા ગરમ ચોખામાં ઘી નાંખીને ખાવાથી હેડકી મટે છે. હઠ પકડે તો નિષ્ણાતની સલાહ લો.

પુત્રની પ્રાપ્તિ માટે પિતા ભાન ભૂલી ગયા

પ્રસાદના દાણા સાથે ગળી લીધેલી 100ની નોટ કાઢવા પોતાનું પેટ ચીરી નાખ્યું

પિતાને પુત્ર પ્રાપ્તિ માટે પ્રસાદના દાણા ગળવા કહ્યું હતું પરંતુ સાથે નોટ ગળી લીધી

નોટને કારણે પુત્ર નહીં થાય તેવી માન્યતાથી નોટને બહાર કાઢવા દાંતરડા જેવા હથિયારથી પેટ પર ઘા કરતાં આંતરડાં બહાર આવી ગયાં

36 વર્ષિય પિતા લોહીલુહાણ હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પહોંચ્યો, ગંભીર ઈજા છતાં તે વાતચીત કરી રહ્યો હતો

ગાંધીનગરઃ પુત્ર પ્રાપ્તિની અંધશ્રદ્ધાભરી ઘેલછાએ ગાંધીનગરમાં ત્રણ દીકરીના પિતાને જીવલેણ પગલું ભરવા મજબૂર કરી દીધો હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પુત્ર પ્રાપ્તિ માટે માનતા રાખી પ્રસાદરૂપે આપવામાં આવેલા દાણા સાથે ૩૬ વર્ષીય યુવક ભૂલથી રૂ.૧૦૦ની ચલણી નોટ પણ ગળી ગયો હતો.

આ નોટ પેટમાં જતી રહી હોવાના કારણે હવે પુત્ર પ્રાપ્તિ નહીં થાય એવી ભ્રમણામાં યુવકે પોતાનું માનસિક સંતુલન ગુમાવી દીધું હતું. નોટ બહાર કાઢવા માટે તેણે દાંતરડા જેવા હથિયારથી પોતાનું જ પેટ ચીરી નાખતાં પેટની આગળની દીવાલને ગંભીર ઈજા પહોંચી હતી અને આંતરડા બહાર આવી ગયા હતા. લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલા યુવકનું તાત્કાલિક જટિલ ઓપરેશન કરવામાં આવ્યું હતું. આશ્ચર્યજનક રીતે ગંભીર ઈજા છતાં તે સારવાર સમયે ભાનમાં અને વાતચીત કરી શકે તેવી સ્થિતિમાં હતો. આઠ દિવસની સારવાર બાદ તેની સ્થિતિ સ્થિર થતાં તેને રજા આપવામાં આવી છે.

ગાંધીનગરમાં રહેતા ત્રણ દીકરીના પિતાને પુત્ર પ્રાપ્તિ માટે માતાજીના દાણા નાખવાની વાત કહેવામાં આવી હતી. આ દરમિયાન તેને પ્રસાદરૂપે દાણા આપવામાં આવ્યા હતા અને તેની સાથે રૂ.૧૦૦ની ચલણી નોટ પણ આપવામાં આવી હતી. યુવક ભૂલથી દાણા સાથે ચલણી નોટ પણ ગળી ગયો હતો. નોટ ગળી ગયા બાદ તેને પોતાની પાસેથી મોટી ભૂલ થઈ હોવાનું લાગ્યું હતું. અંધશ્રદ્ધાની માન્યતાના કારણે હવે તેની પુત્ર પ્રાપ્તિની ઈચ્છા ક્યારેય પૂર્ણ નહીં થાય એવી ભ્રમણામાં તે વધુને વધુ માનસિક રીતે અસ્વસ્થ બન્યો હતો.

નોટ કાઢવા પોતે જ પેટ ચીરી નાખ્યું

ચલણી નોટ શરીરમાં જતી રહી હોવાથી તેને બહાર કાઢવી પડશે એવી વિચિત્ર માન્યતા યુવકના મનમાં ઘર કરી ગઈ હતી. અંતે તેણે દાંતરડા જેવા હથિયાર વડે પોતાનું જ પેટ ચીરી નાખ્યું હતું. પેટમાં ઊંડો ઘા થતાં આંતરિક ભાગને ગંભીર નુકસાન થયું હતું અને આંતરડા બહાર આવી ગયા હતા. લોહીલુહાણ હાલતમાં યુવકને તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

દોઢથી બે કલાકની જટિલ સર્જરી બાદ જીવ બચાવ્યો

આ સમગ્ર જટિલ શસ્ત્રક્રિયા આશરે દોઢથી બે કલાક સુધી ચાલી હતી. ઓપરેશન સફળ રહ્યા બાદ યુવકને સઘન દેખરેખ હેઠળ સઘન સારવાર વિભાગમાં ખસેડવામાં આવ્યો હતો. તબીબો અને પરિચારિકા કર્મચારીઓની સતત દેખરેખ અને માવજતના પરિણામે ઓપરેશન બાદ પાંચથી છ દિવસમાં તેની સ્થિતિ સ્થિર થઈ હતી. ત્યારબાદ તેને સામાન્ય વોર્ડમાં ખસેડવામાં આવ્યો હતો અને કુલ આઠ દિવસની સારવાર બાદ સ્વસ્થ થતાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આ ઘટના પુત્ર પ્રાપ્તિ જેવી સામાજિક માન્યતાઓ સાથે જોડાયેલી અંધશ્રદ્ધા કેટલી ગંભીર અને જીવલેણ બની શકે છે તેનું ચોંકાવનારું ઉદાહરણ બની છે.

પેટની આગળની દીવાલને ટાંકા લઈ ફરી જોડી

સિવિલ હોસ્પિટલની નિશ્ચેતના અને શસ્ત્રક્રિયા ટીમે સંયુક્ત રીતે ઓપરેશન હાથ ધર્યું હતું. શસ્ત્રક્રિયા દરમિયાન પેટની આગળની દીવાલ હથિયારના ઘાથી સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ હોવાનું જણાયું હતું. તબીબોએ અત્યંત કાળજીપૂર્વક પેટની આગળની દીવાલને ટાંકા લઈને પુનઃ સીવી હતી. સાથે જ પેટના અન્ય આંતરિક અંગોની પણ ઝીણવટપૂર્વક તપાસ કરવામાં આવી હતી. દર્દીને આગળ જતાં ખોરાક લેવામાં તકલીફ ન પડે તે માટે આંતરડામાં ખાસ નળી પણ મૂકવામાં આવી હતી.

ગંભીર ઈજા છતાં દર્દી ભાનમાં હતો

૨૯ ઓગસ્ટની સવારે યુવકને સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો ત્યારે પેટમાં ગંભીર ઈજા હતી અને તે લોહીલુહાણ હતો. આટલી ગંભીર અને દર્દનાક ઈજા છતાં તે સંપૂર્ણપણે ભાનમાં હતો તેમજ બોલી અને ચાલી શકતો હતો. બનાવની ગંભીરતા સમજાતાં તબીબોએ સમય બગાડ્યા વિના તબીબી ટીમને કામે લગાડી હતી અને ગણતરીની મિનિટોમાં તેને તાત્કાલિક શસ્ત્રક્રિયા માટે લઈ જવાયો હતો.

રાજ્યના તમામ હેલિપેડનું દર ત્રણ મહિને ફરજિયાત નિરીક્ષણ થશે

ખામી જણાય તો તાત્કાલિક સમારકામ કરાશે, અનધિકૃત દબાણ, બાંધકામ, પાર્કિંગ અને કચરા સામે પણ કડક કાર્યવાહી

ગાંધીનગરઃ આપત્તિ વ્યવસ્થાપન, તબીબી કટોકટી, રાહત-બચાવ કામગીરી તેમજ વડાપ્રધાન અને મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોના પ્રવાસ દરમિયાન હેલિપેડનો તાત્કાલિક અને વિના અવરોધે ઉપયોગ થઈ શકે તે માટે ગુજરાત સરકારે રાજ્યના તમામ હયાત હેલિપેડને સતત 'ઓપરેશનલ કન્ડિશન'માં રાખવા કડક દિશા-નિર્દેશો જારી કર્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ માર્ગ અને મકાન વિભાગે જાહેર કરેલા પરિપત્ર મુજબ હવે રાજ્યના દરેક હેલિપેડનું ઓછામાં ઓછું દર ત્રણ માસે એક વખત ફરજિયાત સ્થળ નિરીક્ષણ કરવાનું રહેશે.

નિરીક્ષણ દરમિયાન કોઈ ખામી કે મરામતની જરૂરિયાત જણાય તો તેનો તાત્કાલિક નિકાલ કરવાનો રહેશે. હેલિપેડની કામગીરીમાં કોઈ વિક્ષેપ ન આવે તે માટે સંબંધિત કાર્યપાલક ઈજનેરને પોતાના કાર્યક્ષેત્રના તમામ હેલિપેડ હંમેશાં ઉપયોગલાયક સ્થિતિમાં રહે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત અધિક્ષક ઈજનેરે પોતાના કાર્યક્ષેત્ર હેઠળના તમામ હેલિપેડની જાળવણી અંગે સતત સમીક્ષા કરતા રહેવાની રહેશે. આમ, માત્ર નિયમિત તપાસ પૂરતી નહીં પરંતુ હેલિપેડની કાર્યક્ષમતા જળવાઈ રહે તે માટે જવાબદારી પણ નિશ્ચિત કરવામાં આવી છે.

સુડોકુ 'જ્યુટિ'

૫	૮					૩	૨	
	૨	૬						૪
	૪		૩				૫	
				૫	૭		૩	૮
	૭				૮	૯	૧	૨
	૩				૯			૭
૨	૫			૬	૧			૩
			૮		૩	૨		
૯		૩	૫	૪	૨	૭	૮	૧

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૬	૭	૩	૨	૨	૫	૧	૬	૭
૫	૬	૨	૧	૬	૩	૨	૧	૪
૧	૨	૬	૭	૩	૨	૫	૪	૧
૩	૨	૫	૬	૧	૪	૭	૩	૨
૭	૩	૧	૨	૪	૫	૬	૨	૫
૨	૫	૪	૩	૭	૧	૨	૫	૬
૬	૧	૭	૫	૨	૩	૪	૬	૩
૪	૬	૨	૭	૫	૬	૩	૧	૨
૩	૫	૬	૪	૧	૨	૧	૭	૫

૦૨ડેડે-૭૬૬૭ ક્રિડ્રિ

આજનું પંચાંગ

તા. 05/09/2026, શનિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** શ્રાવણ
તિથિ: વદ: નોમ: 21:55 અશ્વત્થમમારુતિ પૂજા
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : ભાદરવો: 14
યોગ : વ્રજ **કરણ:** તૈતિલ
નક્ષત્ર : મૃગશિર્ષ: 21:32
રાશિ: વૃષભ (બ,વ,ઉ) 10:19 પછી મિથુન (ક,છ,ઘ)
દિવસ : અશુભ- ગોપાલકલા
સુરતમાં સૂર્યોદય : 06:24 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:50
નવકારસી : 07:12
પારસી વર્ષ : 1396 ફરવરદીન માસનો 22મો રોજ
મુસલમાન વર્ષ : 1448 રબિઉલ અવલ માસનો 22મો રોજ
દિવસનાં ચોઘડિયાં: કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ
રાત્રિનાં ચોઘડિયાં: લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
રાહુકાળ : સવારે: 09:30 થી 11:00 સુધી

મેષ (અ,લ,ઇ,): પારિવારિક બાબતે લાગણી પર કાબૂ રાખવો. કાર્ય સ્થળ પર નવી જવાબદારી મળે. નવી તકથી ઉત્સાહ વધે.
વૃષભ (બ,વ,ઉ,): નવા ક્રિએટીવ વિચાર અને વ્યવહાર કુશળતાથી અટકેલાં કામ પાર પડશે. વાદ-વિવાદથી બચવું.
મિથુન (ક,છ,ઘ,): દાંપત્યજીવનમાં તાલમેળ રહે. સામાજિક કામથી મનને શાંતિ મળે. અચાનક આત્મવિશ્વાસ વધે તથા સમાચાર મળે.
કર્ક (ડ,હ,): બૌદ્ધિક કામમાં સફળતા મળે. પરીક્ષામાં અનુકૂળતા રહે. મિત્રો સાથે સમાજિક પ્રવૃત્તિ થાય. આવક વધે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ,ટ,): મિત્રો સાથે મનોરંજન થાય. ધંધામાં નવી યોજના બને. સમાજ જીવનમાં સાવધાની રાખવી.
કન્યા (પ,ઠ,ણ,): નવી ભાગીદારીની યોજના બને. નોકરીમાં નવી જવાબદારીથી પ્રભાવ વધે. હરીફોથી સાવધાન.
તુલા (ર,ત,): ગુપ્તભય સતાવે. ધાર્મિક પ્ર